**તાપમાન**
મહત્તમ : ૨૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૮૫ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૩૮ | ૨૮ જુલાઈ, ૨૦૧૬, ગુરૂવાર ; અષાઢ વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## અબ્દુલ કલામની પુણ્યતિથિએ દેશની ભાવભીની અંજલિ

નવીદિલ્હી,તા. ૨૭

મિસાઈલમેન અને ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલ કલામને આજે તેમની પ્રથમ પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. દેશના તમામ લોકો અને રાજકીય નેતાઓએ તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ વિશેષરીતે કલામને શ્રદ્ધાંજલિ આપી હતી. ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અમિત શાહે તેમને એક શક્તિશાળી વ્યક્તિ તરીકે ગણાવીને આજે તેમને યાદ કર્યા હતા. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય કપિલ મિશ્રાએ એવી જાહેરાત કરવાની તક ઝડપી લીધી હતી કે, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં દિલ્હી સરકાર ૩૦મી જુલાઈના દિવસે ભારત રત્નથી સન્માનિત કલામની યાદમાં મેમોરિયલનું ઉદ્‌ઘાટન કરશે.

# ભારતીય સરહદે ચીનની ઘુસણખોરી

**ચીની હેલિકોપ્ટરની ઘુસણખોરીને લઇને કેન્દ્ર સરકારની સ્થિતિ પર નજર : ચમોલી જિલ્લામાં ચીની સૈનિકોની ઘુસણખોરીના અહેવાલને મુખ્યમંત્રી હરિશ રાવત દ્વારા સમર્થન અપાયું : ચીની ગતિવિધિ વધી હોવાની કરેલી કબૂલાત**




નવીદિલ્હી,તા. ૨૬

ચીને ફરી એકવાર ભારતમાં ઘુસણખોરી કરતા સનસનાટી મચી ગઈ છે. ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં ભારત-ચીન સરહદના બારાહોતી ક્ષેત્રમાં ચીની હેલિકોપ્ટરની ઘુસણખોરીનો મામલો સપાટી ઉપર આવ્યો છે. ચીની હેલિકોપ્ટર સોમવારે સવારે ભારતીય સરહદમાં ઘુસી ગયા બાદ પાંચ મિનિટ સુધી ભારતીય ક્ષેત્રમાં રહ્યું હતું. ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરિશ રાવતે ચીની ઘુસણખોરીના અહેવાલને સમર્થન આપ્યું છે. તેઓએ વાતચીત દરમિયાન કહ્યું હતું કે, કેન્દ્ર સરકારે આ સમગ્ર મામલામાં તરત જ પગલા લેવા જોઈએ. રાવતે કહ્યું છે કે, ઉત્તરાખંડની સરહદ ઉપર ચીનની ગતિવિધિ હાલમાં ખુબ વધી ગઈ છે. મુખ્યમંત્રી રાવતે કહ્યું છે કે, રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને આ સંબંધમાં માહિતી આપી દેવામાં આવી છે. દરમિયાન કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરણ રિજ્જુએ કહ્યું છે કે, આ ઘુસણખોરી છે કે કેમ તેમાં તપાસ કરવામાં આવી રહી છે. આ સંદર્ભમાં આઈટીબીટી પાસેથી અહેવાલની માંગ કરવામાં આવી છે. આ સરહદી ક્ષેત્રમાં ચીની

● અનુસંધાન પાન-૭ પર

## નરસિંહ યાદવ બીજા ડોપ ટેસ્ટમાં પણ નિષ્ફળ રહ્યો



**રિયો ઓલિમ્પિકમાં જવાની આશા ઉપર પાણી : પ્રથમ ટેસ્ટમાં નિષ્ફળ રહ્યા બાદ જુલાઈમાં બીજા બે ટેસ્ટ કરાયા હતા : ભોજનમાં તત્વો ઉમેરવાના આક્ષેપને રદિયો**

રિયો ડી જેનેરો, તા. ૨૭

ઓલિમ્પિકમાં રમવાની નરસિંહ યાદવની આશા ઉપર આજે પાણી ફરી વળ્યું હતું.કારણ કે, આ કુશ્તીબાજ બીજા ડોપ ટેસ્ટમાં પણ ફેઈલ થયો છે. ડોપ ટેસ્ટ પાંચમી જુલાઈના દિવસે તેના પર કરવામાં આવ્યા હતા. એવું જાણવા મળ્યું છે કે, નરસિંહ પહેલાથી જ ૨૫મી જૂનના દિવસે કરવામાં આવેલા ડોપ ટેસ્ટમાં ફેઈલ થઈ ગયા બાદથી સસ્પેન્શન ઉપર હતો. બીજા ટેસ્ટ પણ તેના કરવામાં આવ્યા હતા. બીજા ટેસ્ટમાં પણ એ અને બી સેમ્પલમાં તે નિષ્ફળ ગયો છે. બીજી બાજુ ભારતીય કુશ્તી સંઘના

● અનુસંધાન પાન-૭ પર

# અમેરિકામાં હિલેરી પ્રમુખપદના પ્રથમ મહિલા ઉમેદવાર

**૨૨૭માં પ્રથમ વખત પ્રમુખપદે મહિલા ઉમેદવાર : ફિલાડેલ્ફિયામાં ચાલી રહેલા ડેમોક્રેટ્સના કન્વેન્શનમાં પ્રમુખપદના ઉમેદવાર તરીકે હિલેરીની પસંદગી**

ફિલાડેલ્ફિયા,તા. ૨૭

અમેરિકાના ઈતિહાસમાં એક નવા પ્રકરણની શરૂઆત થવા જઈ રહી છે. ૬૮ વર્ષીય ફિલાડેલ્ફિયામાં ચાલી રહેલા ડેમોક્રેટ્સના નેશનલ કન્વેન્શનમાં અમેરિકાના પ્રમુખ પદના ઉમેદવાર તરીકે પસંદગી પામી જવામાં સફળતા મેળવી છે.આની સાથે જ અમેરિકાના ૨૨૭ વર્ષના ઈતિહાસમાં આવું પ્રથમ વખત બન્યું છે જ્યારે કોઈ મહિલા ઉમેદવાર અમેરિકાના પ્રમુખ પદ માટેની દોડમાં ઉભરી આવ્યા છે. હિલેરી ક્લિન્ટન અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટનના પત્નિ છે. બિલ ક્લિન્ટને પણ તેમના પત્નિની પ્રશંસા કરતા કહ્યું છે કે, અમેરિકામાં હિલેરી ચેન્જમેકર તરીકે સાબિત થશે. વિદેશ પ્રધાન, પ્રથમ મહિલા અને ન્યુયોર્કના સીનેટર તરીકે રહી ચુકેલા હિલેરી ક્લિન્ટને ફિલાડેલ્ફિયામાં ડેમોક્રેટિક નેશનલ કન્વેન્શનમાં પાર્ટીના કુલ ૪૭૬૪ ડેલિગેટ્સમાંથી બહુમતિનુ સમર્થન મેળવી લેવામાં સફળતા મેળવી હતી. પ્રાઈમરી ચૂંટણીમાં હિલેરીના હરિફ બનેલા બર્ની સેન્ડર્સને પોતાના વતન રાજ્ય વનમોન્ટના નંબર બાદ

● અનુસંધાન પાન-૭ પર



# સાબરમતી જેલથી ફરાર કાચા કામનો કેદી ધવલ હાજર થયો

**નાટ્યાત્મક ઘટનાક્રમ વચ્ચે પ્રવિણની માતા જ તેને લઇને હાજર : ઉંચી દિવાલ કુદીને ફરાર થઇ ગયા બાદ પ્રવિણને શોધી કાઢવા જુદી જુદી ટીમો બનાવી તપાસ કરાઈ રહી હતી ત્યારે તેની માતા ક્રાઈમ બ્રાંચમાં હાજર**

અમદાવાદ,તા. ૨૭

ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતી સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી રવિવારે બપોરના ગાળામા જ ફરાર થઈ ગયેલો કાચા કામનો કેદી પ્રવીણ ઉર્ફે ભોલો પરષોત્તમભાઈ ધવલ મંગળવારે મોડી રાત્રે ક્રાઈમ બ્રાન્ચમાં હાજર થઈ ગયો હતો. તેની માતા તેને લઈને ક્રાઈમ બ્રાન્ચ પહોંચી ગઈ હતી. જેથી તેની ફરી વિધીવત અટકાયત કરવામાં આવી હતી. તેની વધુ પુછપરછ ચાલી રહી છે. મોડી રાત્રે નાટયાત્મક ઘટનાક્રમનો દોર ચાલ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની ટીમ તેને હાલમાં શોધી રહી હતી. ધવલની માતા આશાબેને મોડી રાત્રે ક્રાઈમ બ્રાન્ચમાં ફોન કરીને પોતાના પુત્ર અંગે માહિતી આપી હતી. સાથે સાથે પોતાના પુત્રને લઈનેક્રાઈમ બ્રાન્ચમાં આવી રહી હોવાની વાત પણ કરી હતી. જેથી ફરજ પર હાજર રહેલા કર્મચારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.આશાબેન મોડી રાત્રે જ તેના પુત્ર ધવલ અને તેની પત્નિ સાથે ક્રાઈમ બ્રાન્ચમાં પહોંચી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે કાચા કામનો કેદી પ્રવીણ સબરમતી જેલમાંથી રવિવારે બપોરે ફરાર થઈ ગયો હતો. તે જેલમાં કારાવાસની સજા ભોગવી રહ્યો હતો. તે રવિવારે બપોરે ફરાર થઈ ગયો હતો. ભારે સુરક્ષા વ્યવસ્થા ધરાવતી સાબરમતી જેલની ૧૯ ફુટ ઉંચી દિવાલ કુદીને તે ફરાર થઈ ગયો હતો. જેથી પોલીસની પ્રતિષ્ઠાને મોટો ફટકો પડ્યો હતો. સમગ્ર મામલામાં પોલીસ અને સુરક્ષાને લઈને પ્રશ્ન કરવામાં આવી રહ્યા હતા. પોલીસ દ્વારા તેની શોધખોળ ચાલી રહી હતી. આવી સ્થિતીમાં મોડી રાત્રે કેદીને તેની માતા જ લઈને ક્રાઈમ બ્રાન્ચમાં પહોંચી જતા પોલીસ તંત્રને હાલ પુરતી રાહત થઈ છે. તેની માતાના કહેવા મુજબ જેલમાંથી ફરાર થયા બાદ તે કલોલ જતો રહ્યો હતો. જેથી માતાને જાણ થતા માતા પોતે કલોલ પહોંચી જઈને પોતાના પુત્રને લઈને આવી હતી. કેદી પોલીસમાં હાજર થઈ જતા હાલમાં ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો છે. ધવલ સાબરમતી જેલની ઉંચી દિવાલ કુદીને નાસી ગયા બાદ તેને પકડી પાડવા માટે ક્રાઈમ બ્રાંચ દ્વારા જુદી જુદી ટીમો બનાવીને કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જેના ભાગરુપે આરોપીના સગાસંબંધી તથા કુંટુંબીઓની પુછપરછ કરવામાં આવી હતી. ક્રાઈમ બ્રાંચ દ્વારા એમ પણ કહેવામાં આવ્યું હતુ કે, જો આરોપી સંપર્કમાં આવે તો જાણ કરવામાં આવે. આ ગાળા દરમિયાન મંગળવારે મોડી રાત્રે નાસી જનારના માતા આશાબેન જે ઓઢવમાં સિંગારવાના વડવાલી ચાલીમાં રહે છે. તેઓ પોતાના પુત્રને લઈને ક્રાઈમ બ્રાંચ કચેરી ખાતે આવી પહોંચ્યા હતા. ધવલની પુછપરછ કરતા કુબેરનગર ખાતે રહેતા પોતાના પડોશીએ આરોપીનું ઘર તથા ઓફિસ સળગાવી દીધી હતી જેથી છ્ઠી જૂન ૨૦૦૬ના દિવસે આરોપી અને તેના પરિવારના સભ્યોએ ભેગા મળી ખૂન કર્યુ હતું. આ ગુના હેઠળ આરોપી તથા તેના પિતા પરષોત્તમ ભાઈ અને માતાની ધરપકડ કરવામાં આવી હતી જે પૈકી આરોપીની બહેન રશ્મિતાબેન અને માતા આશાબેન ૨૨મી જુલાઈના દિવસે જામીન ઉપર છુટી ગયા હતા.



# સરકારી કર્મચારીઓને સારવાર ખર્ચ સરકારી હોસ્પિટલના દરે

**ખાનગીમાં સારવાર લીધી હશે તો પણ લાભ : સરકારના ૧૦ લાખથી વધુ સરકારી કર્મચારી, પેન્શનરોને લાભ થશે : ગંભીર અકસ્માતના કેસમાં ખર્ચ મંજુર કરાશે**

અમદાવાદ, તા. ૨૭

રાજયના આરોગ્યમંત્રી નિતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, રાજય સરકારના ૬ લાખ કર્મચારી અને ૪ લાખથી વધુ પેન્શનરોને આરોગ્ય સારવારના ખર્ચમાં મદદરૂપ થવા માટે રાજય સરકારે ખુબ જ અગત્યનો નિર્ણય લીધો છે. અત્યાર સુધીમાં કર્મચારી પેન્શનરોને રાજય સરકારની માન્ય હોસ્પિટલોમાં લીધેલ સારવારનો ખર્ચ જ આપવામાં આવતો હતો. ઘણી વખત તાત્કાલિક સારવાર મેળવવાની જરૂર પડે તેવા સંજોગોમાં તથા ગંભીર રોગોની બિમારીમાં સુપર સ્પેશ્યાલીટી હોસ્પિટલમાં સારવાર મેળવવી પડતી હોય છે. ત્યારે કર્મચારીને સહાય મળતી ન હતી. તેમાં હવે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને આરોગ્ય મંત્રી નિતિનભાઈ પટેલે આ અગત્યનો નિર્ણય કર્યો છે. જેમાંથી હવે સરકારી કર્મચારી પેન્શનરોને આકસ્મિક જરૂર પડે ત્યારે ખાનગી હોસ્પિટલોમાં કિડની, કેન્સર, હૃદય મગજ તથા લીવરના રોગો સહિત ગંભીર અકસ્માતના કિસ્સામાં સારવાર મેળવે તો તેણે રાજય સરકારની માન્ય હોસ્પિટલો મુજબ લાભ મળશે.

આ ઉપરાંત પૂર્વ અને વર્તમાન ધારાસભ્યઓને પણ યોજનાનો લાભ મળશે. તેમણે ઉમેર્યું કે, ખાસ કિસ્સામાં લીધેલ સારવારનો ખર્ચ સરકાર માન્ય હોસ્પિટલોના ધોરણે મંજુર કરવાનો નિર્ણય કર્યો છે, તેમાં હૃદય રોગ માટે યુ એન મહેતા ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર, અમદાવાદ, કેન્સર રોગ માટે ધી. ગુજરાત કેન્સર એન્ડ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ( એમ પી શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ) કિડની અને લીવરના રોગ માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ કિડની ડીસીસ એન્ડ રીસર્ચ સેન્ટર, હોસ્પિટલ, અમદાવાદ ખાતે મળતી સારવારના ખર્ચ મુજબની રકમ ખાનગી હોસ્પિટલોમાં સારવાર લીધી હશે તે મુજબ ચુકવાશે.

## દલિત પીડિતોને સારવાર માટે સિવિલ ખાતે લવાયા

અમદાવાદ, તા. ૨૭

ઉના દલિત કાંડના ચાર પીડિતોની તબિયત ખરાબ થતાં તેમને સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા છે.

ઉના પંથકના સમઢીયાળા ગામે દલિતો પર થયેલા અત્યાચાર મામલે વધુ સારવાર માટે રાજકોટ ખસેડાયેલા ચારેય યુવાનોને ગઈકાલે સિવિલ હોસ્પિટલમાંથી રજા અપાયા બાદ આજે સવારે ફરી તબીયત લથડતા ચકચાર મચી જવા પામી છે. ચારેય પિડીત દલિત યુવાનોની તબીયત લથડતા તેને અમદાવાદ હોસ્પિટલમાં ખસેડાયા છે જે પૈકી રમેશ સરવૈયાની તબિયત વધુ ગંભીર હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. બનાવના પગલે ગ્રામજનો તથા દલિત આગેવાનો સહિતના મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. જાણવા મળતી વિગત મુજબ, બેચર ઉગાભાઈ સરવૈયા અને રમેશ બાબુભાઈ સરવૈયા નામના દલિત યુવાનો ગામની સીમમાં મૃત ગાયનું ચામડું ઉતારતા હતા તે દરમિયાન ગૌરક્ષકના નામે ઘસી આવેલા શખસોએ ધોકા, પાઈપ વડે ઢોર માર મારી અત્યાચાર કરવાના મામલે ઘવાયેલા યુવાનોને વધુ સારવાર માટે રાજકોટ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવના પગલે દેશભરમાં હાહાકાર મચી ગયો હતો. દરમિયાન ચારેય પિડીત દલિત યુવાનોને સા થઈ જતા તેઓને રજા અપાતા ગઈકાલે સિવિલ હોસ્પિટલમાંથી પોલીસ બંદોબસ્ત હેઠળ સમઢીયાળા ગામે મુકવા ગયા હતા. તે દરમ્યાન આજે સવારે ચારેય પિડીત યુવાનોને શ્વાસમાં તકલીફ થઈ હતી અને લોહીની ઉલટીઓ થતાં તબીયત લથડતા ચારેય પિડીત દવિત યુવાનોને વધુ સારવાર માટે અમદાવાદ હોસ્પિટલમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજ્યના ૯૦ તાલુકામાં વરસાદ

અમદાવાદ,તા. ૨૭

ગુજરાતમાં ૯૦થી વધુ તાલુકાઓમાં ૧થી ત્રણ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હોવાના અહેવાલ મળ્યા છે. બીજી બાજુ ઉકાઈ ડેમની જળ સપાટી ૩૧૫ ફૂટની નજીક પહોંચી ગઈ છે. પૂર્વ અને મધ્ય ગુજરાતમાં સારો વરસાદ થયો છે. આ વિસ્તારમાં ત્રણ ઈંચ સુધીનો વરસાદ થયો છે જ્યારે દક્ષિણ ગુજરાતમાં બે ઈંચ સુધીનો વરસાદ નોંધાયો છે. ઉત્તર ગુજરાતમાં વરસાદી ઝાપટા પડ્યા છે. કચ્છમાં હજુ પણ વરસાદ થઈ રહ્યો નથી. છેલ્લા ૨૪ કલાકમાં પૂર્વ અને મધ્ય ગુજરાતમાં વરસાદ નોંધાયો છે. આજે પણ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં વરસાદ જારી રહ્યો હતો. મેઘમહેર યથાવત રહેતા લોકોને રાહત થઈ હતી. સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં વરસાદ થયો હતો જેમાં ભાવનગરનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ધંધુકા, અન્ય વિસ્તારોમાં પણ વરસાદ થયો છે.

રાજ્યમાં જે વિસ્તારોમાં વરસાદ થયો છે તેમાં પંચમહાલ જિલ્લાના મોરવા-હડફ તાલુકામાં ૭૦ મી.મી ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ૬૧ મી.મી. અને

● અનુસંધાન પાન-૭ પર


રોયલ ફેમીલી/કપલ પ્રવાસ
કેરાલા 9999/-
ઉતરાંચલ 10999/-
દ. ભારત 13500/-
કાશ્મીર 8999/-
હિમાચલ 9999/-
સિક્કિમ 13500/-
ભારત ટુરીઝમ
૨, શેફાલી સેન્ટર, પાલડી
26572800
9925925333

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET

D'DECOR Live beautiful
DC TEX FURNISHINGS
HOMES
COPPER
SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI ,
SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651